ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૩/૨૨–૨૩/2716 તારીખ : 01 SEP 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૩/૨૨–૨૩

પ્રતિ,
**શ્રી રાઠોડ વિજયસિંહ હેમુભાઈ,**
**મું. મોટા મઢાંદ,**
**તા.વઢવાણ,**
**જી.સુરેન્દ્રનગર–૩૬૫ ૫૩૫.**

**મો.નં – ૭૯૮૪૪૩૬૦૧૮/૭૦૧૬૪૩૮૫૧૫**

**વિષય : વધારે વિદ્યુત શુલ્ક વસુલવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૬/૦૮/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૮/૦૮/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૩/૨૨–૨૩/૨૫૯૧ તા.૧૦/૦૮/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૩/૨૨–૨૩/૨૫૯૬ તા.૧૨/૦૮/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૩/૦૮/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય** પેટા વિભાગીય કચેરી, **લીંબડી.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૩૩/૨૨–૨૩ ☜

વાદી :– **શ્રી રાઠોડ વિજયસિંહ હેમુભાઈ,**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૩/૦૮/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી રાઠોડ વિજયસિંહ હેમુભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.એન.સુમેસરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી રાઠોડ વિજયસિંહ હેમુભાઈ, મું.મોટા માંઢડ, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગરની વધારે વિધુત શુલ્ક વસુલવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૩/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૩/૨૨–૨૩/૨૫૯૧ તા.૧૦/૦૮/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૩/૦૮/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી વિજયસિંહ હેમુભાઈ રાઠોડ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.એન.સુમેસરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ઔધોગીક હેતુ માટે ગ્રાહક નં–૨૫૨૭૯૦૦૩૯૭૨થી વિજ જોડાણ ધરાવીએ છીએ. ડિસે–૨૦૧૯ થી અમો કનેકશન ધરાવીએ છીએ. જેમાં વિધુત શુલ્ક ૧૦ % લાગતુ હતું. અચાનક ૨૫ % કરી અને બિલમાં રકમ ઉમેરી છે અને આ અંગેની કોઈપણ જાતની નોટીસ કે જાણ કરવામાં આવી નથી.

૧.૨ વધુમાં જણાવવાનું કે, મારે જે હેતુ માટે કનેકશન છે તેવા હેતુના બીજા કનેકશનોમાં આવી કોઈ ટકાવારી ઉમેરવામાં આવી નથી. મારી સાથે પૂર્વાગ્રહ રાખીને કરેલ છે, એવું મને લાગી રહેલ છે.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સદર વાદીશ્રી ની રજૂઆત અન્વયે, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, લીંબડી ગ્રામ્ય ના જણાવ્યા મુજબ વાદીશ્રી લીંબડી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મોટા મોઢાંદ ગામે શ્રી રાઠોડ વિજય સિંહ હેમુભાઈ, ગ્રાહક નં–૨૫૨૭૯૦૦૩૯૭૨ થી NRGP ટેરીફ નું ૨૬.૫ કિ.વો. નું વિજ જોડાણ ધરાવે છે.

૨.૨ સદર વિજ જોડાણ લીંબડી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૧/૧૦/૨૦૧૯ ના રોજ રીલીઝ કરવામાં આવેલ. જેનો હાલ વિજભાર ૨૬.૫ કિ.વો છે.

૨.૩ સુરેન્દ્રનગર વર્તુળ કચેરીના ઓડીટ ટીમ દ્વારા લીંબડી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીનું માહે એપ્રિલ–૨૦૨૦ થી માર્ચ–૨૦૨૧ સુધીના સમયનું ઓડીટ તા.૨૮/૦૪/૨૦૨૨ થી તા.૩૦/૦૪/૨૦૨૨ સુધી કરવામાં આવેલ હતું. સદર ઓડીટ સમયે ઓડીટર ના ધ્યાન પર આવેલ કે, શ્રી રાઠોડ વિજયસિંહ હેમુભાઈ, ગ્રાહક નં–૨૫૨૭૯૦૦૩૯૭૨ થી રેતી ચાળવા માટેનું વિજ જોડાણ ધરાવે છે અને સદર વિજ જોડાણમાં ૧૦ % વિધુત શુલ્ક વસુલવામાં આવે છે.

૨.૪ વિધુત શુલ્ક સમાહર્તા કચેરી ના ઉપરોકત સંદર્ભીત પત્ર નં–૦૫ માં જણાવ્યા મુજબ ઔધોગીક એકમોમાં આવતા ગ્રાહકો પાસેથી એલ.ટી. વિજ જોડાણોમાં ૧૦ % લેખે વિધુત શુલ્ક વસુલવા જણાવેલ તેમજ વિધુત શુલ્ક સમાહર્તા ની કચેરી દ્વારા સ્પષ્ટતા કરવામાં આવેલ કે, '' રેતી ચાળવાના એકમો : આવા એકમો ફકત રેતી ચાળી તેને અલગ અથવા તો કલીનીંગ કરવાનું કામ કરતા હોય, આવા એકમોનો સમાવેશ ઔધોગીક એકમોમાં કરવાનો રહેતો નથી. '' જેથી, આવા એકમો વાણિજય એકમ તરીકે ગણી, વાણિજય હેતુ મુજબ વિધુત શુલ્ક વસુલવા પાત્ર થાય છે. "

૨.૫ વર્તુળ કચેરીની ઓડીટ ટીમ દ્વારા ઉપરોકત સંદર્ભીત પત્ર નંબર – ૪ થી લીંબડી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના ઓડીટ પારા આપવામાં આવેલ. જેમાં, સદર વાદીશ્રીના ગ્રાહકમાં વિધુત શુલ્ક ૧૦ % આવતો હોય, વાદીશ્રી નું વિજ જોડાણ ઔધોગીક એકમમાં આવતું ન હોય, તેથી સદર વિજ જોડાણ ને બિન ઔધોગીક ગણી વિધુત શુલ્કના તફાવતની માહે ડિસે–૨૦૧૯ થી એપ્રિલ–૨૦૨૨ સુધીના ૨૮ માસ ની રકમ રૂા.૧,૦૬,૨૪૧/૨૨ ની રીકવરી કાઢવામાં આવેલ.

૨.૬ ઓડીટ ટીમ દ્વારા કાઢવામાં આવેલ વિધુત શુલ્ક ની રકમની જાણ વાદીશ્રીને લીંબડી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–ડીઈ/એલએસડીઆર/રેવ/૩૪૫૬ તા.૧૫/૦૬/૨૦૨૨ થી કરવામાં આવેલ. જે વાદીશ્રી દ્વારા નોટીસ પીરીયડ દરમ્યાન ભરપાઈ ન કરતા, તેમના ખાતામાં સદરહુ રકમ ઉધારવામાં (ડેબીટ) કરવામાં આવેલ.

૨.૭ ઓડીટ ટીમ દ્વારા લીંબડી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીમાં કરેલ ઓડીટ દરમ્યાન આવા હેતુના આ સિવાય ના કુલ ૮ વિજ જોડાણોમાં વિધુત શુલ્કના તફાવતની રકમની રીકવરી કાઢવામાં આવેલ છે. જેથી, વાદીશ્રી તરીકે કોઈ પૂર્વાગ્રહ રાખીને રીકવરી કાઢવામાં આવેલ નથી.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી રાઠોડ વિજયસિંહ હેમુભાઈ, ગામ–મોટા મઢાંદ, તા.વઢવાણ દ્વારા તેમના NRGP વિજ કનેકશનમાં અગાઉ ૧૦ % લેખે વિધુત શુલ્ક લગાડવામાં આવતો જે પ્રતિવાદી દ્વારા અચાનક ૨૫% કરી નાખવામાં આવતા તે બાબતની તકરાર ની ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૨૩/૮/૨૦૨૨ ના રોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન બન્ને પક્ષો હાજર છે તથા તેમની લેખિત અને **મૌખિક રજૂઆતો કરેલ છે.**

૩.૩ આ તબકકે ફોરમને જણાય છે કે, વાદી મોટા મઢાંદ ગામે ૨૬.૫ કિ.વો. NRGP ટેરીફ નું કનેકશન ધરાવે છે. જેમાં તેણે રેતી ચાળવાનું અને રેતી અલગ કરવાનું કામ કરે છે.

૩.૪ પ્રતિવાદી દ્વારા વાદીના કનેકશનને તા.૦૧/૧૦/૨૦૧૯ ના રોજ રીલીઝ કરીને તેની ઉપર ૧૦ % લેખે વિધુત શુલ્ક વસુલવામાં આવતો હતો. પરંતુ, પ્રતિવાદીની ઓડીટ ટીમે એપ્રિલ–૨૦૨૦ થી માર્ચ–૨૦૨૧ સુધીના સમયનો ઓડીટ કરતા સમયે ધ્યાન પર આવેલ કે, પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરી દ્વારા વાદીના રેતી ચાળવા ના કનેકશન પર ૧૦ % વિધુત શુલ્ક વસુલવામાં આવે છે. જયારે, કે વિધુત શુલ્ક સમાહર્તા ની કચેરીના પત્ર નં– ૯૭૦૦ તા.૨૦/૧૨/૨૦૧૯ માં મુદા નં–૪(ક) માં જણાવ્યા અનુસાર, ‘‘ (ક) રેતી ચાળવાના એકમો, આવા એકમો ફકત રેતી ચાળી તેને અલગ અથવા તો કલીનીગ કરવાનું કામ કરતા હોય, આવા એકમોનો સમાવેશ ઔધોગીક એકમોમાં આમ, સદરહુ કેસમાં વાદીનું વિજ કનેકશન વાણિજય હેતુ માટેનું હોય, ૨૫% ડયુટી વસુલવાને પાત્ર છે. આથી, ઓડીટ ટીમ દ્વારા ડિસે–૨૦૧૯ થી એપ્રિલ–૨૦૨૨ ના સમયગાળાના તફાવતની રકમ રૂા.૧,૦૬,૨૪૧/૨૨ ની રીકવરી કાઢવામાં આવેલ.

૩.૫ આ રીકવરીની રકમ ની વસુલાત માટે પ્રતિવાદીની કચેરી દ્વારા તેમના પત્ર નં– ૩૪૫૬ તા.૧૫/૦૬/૨૦૨૨ થી વાદી ને જાણ કરવામાં આવેલ. જે નોટીસ પીરીયડ દરમ્યાન ભરપાઈ ન થતા પ્રતિવાદી દ્વારા તે રકમ વાદીના ખાતામાં ઉધારવામાં આવેલ છે.

૩.૬ પ્રતિવાદી દ્વારા વિધુત શુલ્ક સમાહર્તા ની કચેરીનો સંદર્ભીત પત્ર ફોરમને રજૂ કરેલ છે. તેમજ વાદી સિવાય ના અન્ય ૮ સમાન ગ્રાહકો પાસેથી પણ આવી રીકવરી કરવામાં આવેલ હોવાનું સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે.

૩.૭ આ તબકકે ફોરમને જણાય છે કે, પ્રતિવાદી દ્વારા વાદીને જે ઓડીટ ટીમનું રૂા.૧,૦૬,૨૪૧/૨૨ ની પૂરવણીની રકમ ઉધારેલ છે તે તફાવત ની રકમ છે, કોઈ દંડ નથી. જે વસુલવા પ્રતિવાદી હકકદાર છે.

Redressal Forum

વધુમાં, પ્રતિવાદી દ્વારા લાંબા સમયની તફાવતની મોટી રકમ એકી સાથે વસુલવા પ્રયાસ કરેલ છે. જે માટે આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદી પાસેથી તફાવતની રકમ બે હપ્તામાં વસુલવા તેમજ તેના પરનું ડી.પી.સી.(વિલંબીત ચૂકવણી ચાર્જ) ન વસુલવું.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.** સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કંું.લી.:ભાવનગર.

તારીખ :- ૨૩/૦૮/૨૦૨૨.

...Redressal Forum ...G.C.L. ...nagar